## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




**કન્યાની કુંડળી તો તમારા દિકરા સાથે મેચ થાય છે, પરંતુ એક સલાહ છે... કન્યાને માસ્ક કઢાવીને જોવાનું બૂલતા નહીં...!!**

### ગાંધીનગર - અમદાવાદ માર્ગ પર આવેલ ફાર્મ હાઉસની ઓરડીમાં

# પાંચ શખ્સોએ પ્રવેશીને છરો બતાવી મહિલાના દાગીના લુંટી લીધા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર સુઘડ ગામની સીમમાં સ્થિત નવકાર ફાર્મની બહાર આવેલી ઓરડીમાં રહેતા પરિવાર સાથે લુંટની ઘટના બની છે. રાત્રીના એક વાગ્યાના સુમારે પાંચ અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા. લુંટારૂઓએ છરો બતાવી મહિલાના સોના-ચાંદીના દાગીના મોબાઈલ મળી રૂ.૨૪,૮૦૦ ની મત્તાની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે સતાજી રવાજી ઠાકોરે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ માણસા તાલુકાના ધોળાકુવા ગામના સતાજી રવાજી ઠાકોર (ઉં.૫૮) સુઘડ ગામની સીમમાં આવેલા નવકાર ફાર્મમાં છેલ્લા ત્રીસ વર્ષથી ચોકીદાર તરીકે ફરજ બજાવે છે. ફાર્મની ઓરડી ખાતે તેઓ પત્ની અને ૧૧ વર્ષની પૌત્રી સાથે રહે છે. ગત તા.૧૧ ના રોજ રાત્રીના એક વાગ્યાના અરસામાં પરિવાર ઓરડીમાં હતો તે સમયે અચાનક કોઈ વ્યકિતએ દરવાજો ખખડાવ્યો હતો.

સતાજીએ દરવાજો ખોલતા જ પાંચ શખ્સો અંદર ધસી આવ્યા હતા. બે શખ્સોએ છરો બતાવી સોના-ચાંદીના દાગીના તેમજ રૂપીયા આપી દેવા માટે કહ્યું હતું. જેથી સતાજીના પત્નિએ પહેરેલી સોનાની બુટ્ટી કિં.૧૫ હજાર, કાનનો ડિસ્કો કિં. ૨ હજાર, નાકની ચુની, ચાંદીનુ મંગળસુત્ર, શેરો આપી દીધી હતી. જયારે સતાજી પાસે રહેલા બે કીપેડવાળા ફોન અને રોકડા રૂ.૧૮૦૦ લઈ ગયા હતા. લુંટ ચલાવનાર શખ્સો રાત્રીના સમયે કોઈ પીછો ના કરે તે માટે ઓરડીના દરવાજાને બહારથી બંધ કરી દીધુ હતું. જયારે કુલ રૂ.૨૪,૮૦૦ ની કિંમતની મત્તાની લુંટ કરી પાંચ શખ્સો અંધારામાં ગાયબ થઈ ગયા હતા. ભયના માહોલ વચ્ચે પરિવાર આખી રાત ઓરડીમાં વિતાવી હતી. જયારે સવારના સમયે ઈલેક્ટ્રીશીયન આવ્યો ત્યારે તેણે ઓરડીનો દરવાજો ખોલ્યો હતો. લુંટ માટે આવેલા વ્યકિત ૩૦ થી ૩૫ વર્ષની વયના હતા. બનાવની જાણ ફાર્મ માલિકને કર્યા બાદ સતાજીએ અડાલજ પોલીસ મથકે લુંટની ફરીયાદ કરતા પોલીસ શખ્સોને ઝડપી પાડવા માટે દોડધામ શરુ કરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના જેટલા કેસ નોંધાયા તેટલા જ દર્દીઓને ડિસ્ચાર્જ અપાયુ
- જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવારોની પસંદગીને લઈ ખેંચતાણને પગલે છેલ્લી ઘડીએ પણ ઉમેદવારોની યાદી જારી ન થઈ શકી.
- રાજયમાં પ્રાથમિક શાળાઓનું વેકેશન ટુંકાવવામાં આવે તેવા નિર્દેશો સચિવાલયના સૂત્રોમાંથી મળી રહ્યા છે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાતુ ન હોવાની વાતો લોકમુખે ચર્ચાનું કેન્દ્ર બની છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો જંગ બહુકોણીય બનશે.



કોરોનાએ શાળા-કોલેજનું જીવન જાણે સ્થગિત કરી દીધુ છે. વિદ્યાર્થીઓની અવરજવરથી સતત ધમધમતા રહેતા કોલેજ કેમ્પસ મહિનાઓ સુધી સુના રહ્યાં. આખરે કોરોનાનો કેર ઓછો થતાં શાળા-કોલેજો તબક્કાવાર શરૂ થઈ રહ્યાં છે. સેક્ટર-૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે પણ શિક્ષણકાર્ય શરૂ થઈ ચૂક્યુ છે. વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર ચેક કરી તેઓને કોલેજમાં પ્રવેશ અપાય છે. સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દિવસો બાદ કોલેજ કેમ્પસ વિદ્યાર્થીઓની અવરજવરથી ગુંજી ઉઠ્યા હતા.

# પેથાપુર-રાંધેજા માર્ગ પર ગરનાળા પાસે શંકાસ્પદ ટાવેરામાંથી દારૂની ૩૪૮ બોટલ મળી

ગાંધીનગર, તા. ૧૨

પેથાપુર પોલીસને બગાસુ ખાતા પતાસુ મળ્યાનો ઘાટ સર્જાયો છે. પેથાપુર થી રાંધેજા ચોકડી તરફ જતા માર્ગ પર ગરનાળા નજીક ટાવેરા ગાડી બિનવારસી મળી આવી હતી. ટાવેરાની નજીક જઈને આસપાસ ચેક કરતા પોલીસને કંઈ મળ્યું ન હતું. પરંતુ ટાવેરાનો દરવાજો ખોલતા જ વિદેશી દારુની ૩૪૮ બોટલ દારૂની મળી આવી હતી. જેથી પોલીસે રૂ.૧,૪૨, ૬૮૦નો દારુ અને ૨ લાખની કાર મળી કુલ રૂ.૩,૪૨, ૬૮૦ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકનો સ્ટાફ ગુરુવારના રોજ રાત્રીના સમયે પેટ્રોલીંગમા હતો તે સમયે ગરનાળા પાસે એક શંકાસ્પદ ટાવેરા ગાડી જણાઈ હતી. જેથી પોલીસે સ્થળ પર જઈને ટાવેરા નં.જી.જે.૦૧.આર.એ.-૩૨૫૬ ની આસપાસમાંથી કોઈ મળી આવ્યું હતું. પોલીસે ગાડી ચેક કરતા તેમાંથી ૨૬ પેટી દારુ અને અન્ય છુટક બોટલો મળી આવી હતી. ટાવેરા બંધ હોવાથી ક્રેઈનની મદદથી પોલીસ મથકે લાવવામાં આવી હતી. પોલીસે દારૂ અને ગાડી મળી કુલ રૂ.૩,૪૨,૩૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે

# માર્ચમાં પ્રાથમિક શાળાઓ શરૂ થશે

### ઉનાળુ વેકેશન ટુંકુ રહેશે, નવું શૈક્ષણિક સત્ર પણ વહેલુ શરૂ થશે, નવુ એકેડેમિક કેલેન્ડર બની રહ્યું છે

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં કોરોનાના કેસ કાબુમાં આવ્યા બાદ ક્રમશઃ સ્કૂલોમાં અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં કોલેજો ઉપરાંત ધોરણ-૧૦, ૧૨ અને ધોરણ ૯, ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓની સ્કૂલો શરૂ થઈ ગઈ છે, ત્યારે હવે અન્ય પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓ માટે પણ અભ્યાસ માર્ચના આસપાસ શરૂ કરવા વિચારણા શરૂ કરી દેવામાં આવી છે. એટલુ જ નહી ઉનાળુ વેકેશન ટૂંકાવીને નવું શૈક્ષણિક સત્ર પણ વહેલુ શરૂ કરવા માટેનું એકેડેમિક કેલેન્ડર બની રહ્યું છે.

ગુજરાતના શિક્ષણ વિભાગમાં ચાલતી ચર્ચા મુજબ સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ સરકાર હવે ધોરણ-૧ થી ૪ અને ૫ થી ૮ ના અભ્યાસ અને પરીક્ષા લેવા માટે વિચારણા કરી રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ હવે ચૂંટણી બાદ ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓની એકમ કસોટી લઈ તેના આધારે પરિણામ જાહેર કરવાની વિચારણા ચાલી રહી છે. આ ઉપરાંત આગામી શૈક્ષણિક સત્ર પણ વહેલુ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ વખતે ઉનાળુ વેકેશન પણ વિદ્યાર્થીઓને લાંબુ આપવામાં આવશે નહિ. જો કે આ અંગે હજુ કોઈ નિર્ણય લેવાયો નથી. આ અંગે સરકાર અને શિક્ષણ વિભાગ વિચારણા કરી રહ્યા છે. સત્તાવાર જાહેરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પુરી થયા બાદ થશે.

ગુજરાતમાં કોરોનાના ઘટતા કેસ વચ્ચે રાજ્યના શિક્ષણ વિભાગે પ્રાથમિક શાળાઓ શરૂ કરવા તૈયારીઓ શરૂ કરી છે. પ્રાથમિક શિક્ષણ નિયામકે ગત ૯ ફેબ્રુઆરીથી તમામ પ્રાથમિક શિક્ષકોને શાળામાં હાજર રહેવા આદેશ કર્યો હતો. અત્યાર સુધી પ્રાથમિક સ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષકોને રોટેશન મુજબ બોલાવવામાં આવતા હતા પરંતુ હવે તમામ શિક્ષકોને બોલાવવામાં આવ્યા છે. આ ઉપરાંત તમામ પ્રાથમિક સ્કૂલોનો સમય સવારના બદલે પુર્ણ સમયનો કરવાનો આદેશ આપ્યો છે.

# ''સાચુ સુખ'' સમજાવતી ગાંધીનગરના યુવા સર્જકોની શોર્ટ ફિલ્મ

### શહેરીકરણ તરફના મોહ અને ગ્રામ્ય સંસ્કૃતિનું મહત્વ સમજાવવા પ્રયાસ : માત્ર બે દિવસમાં બે હજારથી વધુ દર્શકોએ નિહાળી

ગાંધીનગર, તા. ૧૨

આજની યુવા પેઢીના મતે સાચું સુખ જાણે આધુનિકતા અને શહેરીકરણમાં જ છે તેવુ અનેકવાર અનુભવાઈ રહ્યું છે. આ કારણથી ગ્રામ્ય વિસ્તારમાંથી યુવાનોનું સતત શહેરો તરફનું સ્થળાંતર થઈ રહ્યું છે. જેના કારણે ગામડાં તુટી રહ્યાં છે. આપણા દેશની સાચી ઓળખ ગ્રામ્ય સંસ્કૃતિ છે અને તે સમગ્ર દેશના અર્થતંત્રનો પાયો પણ છે એ બાબત યુવા પેઢીએ સમજવી ખૂબ જરૂરી છે. આ વિષયે જાગૃતિ ફેલાવવાના પ્રયાસરૂપે ગાંધીનગરના યુવા સર્જકોએ બનાવેલી એક શોર્ટ ફિલ્મ ''સાચુ સુખ''નું નિર્માણ અલ્પેશ સોની દ્વારા કરવામાં આવ્યું છે તથા નિશાંતસિંહ ખાલસાએ તેનું દિગ્દર્શન કર્યુ છે. ફિલ્મની વાર્તા નરેન્દ્રસિંહ ખાલસાએ લખી છે



ફિલ્મ ''સાચુ સુખ'' યુ-ટ્યુબ પર લોકપ્રિય બની છે અને માત્ર બે જ દિવસમાં આ ફિલ્મને બે હજારથી વધુ દર્શકો નિહાળી ચુક્યાં છે.

શહેરમાં ઉછરેલા આપણા પરિવારોમાં મા-બાપ પોતાની દિકરી દુ:ખી ના થાય તે હેતુથી શહેરનો જ મુરતિયો શોધવા પ્રયાસ કરે છે પરંતુ દિકરીનું સાચુ સુખ શહેર કે ગામડાંમાં નહી પરંતુ સાચી અને સારી વિચારસરણી ધરાવતા જીવનસાથીને પરણવામાં છે. આ પ્રકારની થીમ સાથે બનેલી શોર્ટ જયારે સિનેમેટોગ્રાફી હિરેન શાસ્ત્રીની છે. ફિલ્મમાં શર્મન ઝવેરી, ચાહના દવે, પંકજ જાની, કલ્પના જાની, નીતિન દવે અને બિજ્ઞી દવે સહિત કલાકારો અભિનયના અજવાળા પાથર્યા છે. ''સાચુ સુખ'' શોર્ટ ફિલ્મ યુ-ટ્યુબ ચેનલ શર્મન ઝવેરી પર તા. ૧૦મી ફેબ્રુઆરીએ બપોરે રિલીઝ કરવામાં આવી હતી જેને અત્યાર સુધીમાં બે હજારથી વધુ દર્શકો સાથે સારો પ્રતિસાદ મળી રહ્યો છે.



## ગાંધીનગર તાલુકામાં શ્રીરામ જન્મભૂમિ નિર્માણ નિધી અભિયાન

શ્રીરામ જન્મભૂમિ તિર્થ નિર્માણ નિધી એકત્રિકરણ માટે અભિયાન ચાલી રહ્યું છે. વિદેશી આક્રાંતાઓ દ્વારા ધ્વસ્ત કરાયેલા શ્રીરામ જન્મભૂમિ મંદિરને સદીઓની લડત બાદ સુપ્રિમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાથી ફરી નિર્માણ કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રીય સ્વાભિમાનની પુનઃ પ્રતિષ્ઠા સમા આ તિર્થક્ષેત્ર માટે ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે રામભક્ત સ્વયંસેવકો ઘરે ઘરે ફરીને પ્રભુનો સંદેશ પાઠવી રહ્યાં છે જેને સૌ કોઈ બિરદાવી રહ્યાં છે.

# સાદરાના એનએસએસ દ્વારા ત્રીજો રાજયકક્ષાનો વેબિનાર સંપન્ન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના સાદરા ખાતે ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના તથા ગુજરાતના ઉચ્ચ શિક્ષણ વિભાગના ઈટીઆઈના પ્રશિક્ષણ કેન્દ્ર, રાજયના એનએસએસ સેલ અને ક્ષેત્રિય નિર્દેશાલય દ્વારા માર્ગ સલામતી, કોવિડ રસીકરણ તથા યુનિસેફના યુવા કાર્યક્રમ સંદર્ભે ત્રીજો રાજ્યકક્ષાનો વેબિનાર યોજવામાં આવ્યો હતો. વેબિનારમાં ઉચ્ચ શિક્ષણના અધિક કમિશનર નારાયણ માધુ, રોડ સેફટી કમિશનર લલિત પાડલીયા, એનએસએસના રાજ્ય સંપર્ક અધિકારી બિપિનચંદ્ર નિનામા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાના સ્વાગત પ્રવચન બાદ એનએસએસ સંયોજક ડૉ. અરૂણ ગાંધીએ કાર્યક્રમની પૂર્વ ભૂમિકા બાંધી હતી. કાર્યક્રમમાં માર્ગ સલામતી વિષયે જે.વી. શાહે, કોવિડ મહામારી રસીકરણ અંગે મેડીકલ ઓફિસર ડૉ. નયનેશ વસાવાએ તથા યુવા કાર્યક્રમ અંતર્ગત યુ રિપોર્ટ અંગે શર્મિલા રાય, સ્વાતિ વર્મા અને કુમાર મનીષે રજૂઆત કરી હતી. સ્ટેટ એનએસએસના દેવાંગ પંડ્યાએ વેબિનારનું સંકલન કર્યુ હતુ જેમાં ૯૦ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ જોડાયા હતા.

કાર્યક્રમનું સંચાલન સાદરા એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટે આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના તેજસ ઠાકરે કર્યુ હતુ. જયારે ડૉ. પ્રવિણ દુલેરાએ સહ સંચાલકની જવાબદારી નિભાવી હતી.



અયોધ્યા ખાતે ભવ્ય રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. દેશ વિદેશમાંથી અયોધ્યા મંદિરના નિર્માણ માટે દાનનો પ્રવાહ અવિરત વહી રહ્યો છે. સેકટર-૫ના વસાહતીઓ અને વેપારીઓએ ૫૧,૦૦૦નો ફાળો એકત્ર કરી રામ મંદિરના નિર્માણ માટે મોટો સહયોગ આપ્યો છે. આ મહાનકાર્યમાં માલજીભાઈ દેસાઈ, અરવિંદભાઈ પટેલ, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ સુથાર, જગદીશભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ અને મનુભાઈ દ્વારા સુંદર સહયોગ સાપડયો હતો. સેકટર-૫ વસાહત મહામંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, યોગ પરિવારના સભ્યો અને અન્ય વસાહતીઓએ પણ આ કાર્યમાં સતત હાજર રહી પ્રોત્સાહન પુરું પાડયું હતું.

# આજે સમર્પણ કોલેજ સે-૨૮ ખાતે નિ:શુલ્ક યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૨

સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ સે-૨૮ ખાતે આજરોજ સાંજે ૬ થી ૭ વાગ્યા દરમિયાન નિ:શુલ્ક યોગ શિબિર યોજાશે. આ યોગ શિબિરમાં યોગાસન, સૂક્ષ્મયોગ, પ્રાણાયામ તથા કસરત કરાવાશે જેમાં નાના બાળકોથી લઈ વયોવૃધ્ધ સુધીના તમામ શહેરીજનો ભાગ લઈ શકશે. આ યોગ શિબિરમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરી નામ નોંધાવવા માટે ૯૪૨૯૮ ૨૬૫૧૯, ૭૬૯૮૩૫૫૬૭૨ પર સંપર્ક કરવા સંચાલકો દ્વારા જણાવાયુ છે.

# લીંબડીયા પ્રાથમિક શાળાના શિક્ષકોએ ઘેર ઘેર જઈ વિદ્યાર્થીઓને 'ચાલો શેરી શિક્ષણ મેળવવા'' અભિયાન આરંભ્યુ

ચિલોડા, તા. ૧૨

અત્યાર સુધી શિક્ષકો ઘેર ઘેર સરકારી કામમાં પરોવાયેલા રહ્યા. ત્યારે ''ચાલો શેરી શિક્ષણ મેળવીએ'' ત્યારે ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામની પ્રાથમિક શાળાના સારસ્વત



મિત્રોએ ગામની શેરીમાં શિક્ષણ કાર્ય આરંભ્યુ છે. છેલ્લા બે દિવસથી શેરીએ શેરીએ જઈ સામાજિક અંતર સાથે ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને બેસાડી શિક્ષણ અપાઈ રહ્યું છે. ૧૧ માસથી કોરોનાના લીધે પ્રાથમિક શાળાઓને બંધ રાખવામાં આવી છે. ત્યારે લીંબડીયા ગામે



હતી. ઉપરાંત શિક્ષકોને પણ વારાફરતી શાળામાં બોલાવાનો આદેશ હતો. શાળામાં શૈક્ષણિક કાર્ય બંધ હોવાથી હોમ લર્નિંગ અંતર્ગત ઘરે રહેલા વિદ્યાર્થીઓને શિક્ષણ અપાતુ હતુ. હવે મંગળવારથી તમામ પ્રાથમિક શાળાનો સમય આખા દિવસનો કરાયો છે. શાળાના તમામ શિક્ષકોને સો ટકા હાજર રહીને શેરી શિક્ષણનું મૂલ્યાંકન એકમ કસોટીની ચકાસણી સહિતની કામગીરી કરવાનો આદેશ કર્યો પ્રાથમિક શાળામાં શિક્ષકો સો ટકા હાજર થતા અને શેરી શિક્ષણના આદેશના પગલે શિક્ષકોએ શેરીઓમાં ઘેર ઘેર જઈ વિદ્યાર્થીઓને ''ચાલો શિક્ષણ મેળવવા''ના અભિયાનને રસપૂર્વક કામગીરી આરંભી છે. આ ગામની પ્રાથમિક શાળામાં શિક્ષકોએ શેરીઓમાં શિક્ષણ કાર્ય આરંભ્યુ છે તેવુ શાળાના આચાર્ય નિરંજનાબેન પટેલે ગ્રામ પંચાયતના સંરપંચ હર્ષદભાઈ પટેલને માહિતગાર કર્યા હતા.

### ગાયત્રી પરિવાર દ્વારા વસંત પર્વની અનોખી ઉજવણી

# આગામી વસંત પર્વ ઉજવણીના ભાગરૂપે ગુજરાતભરમાં યોજાશે મેગા રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૧૨

સ્વાતંત્ર્ય સેનાની અને રાષ્ટ્ર ઉત્થાન તેમજ ભારતીય સંસ્કૃતિના સંસ્કારો-યજ્ઞ જીવન પરંપરાને પૂર્નજિવિત કરનાર ગાયત્રી પરિવારના પ્રણેતા વેદપુર્તિ તપોનિષ્ઠ પંડીત રામશર્મા આચાર્યજીના આધ્યાત્મિક જન્મ દિવસ એટલે કે વસંતપંચમીના રોજ જન સમાજને ઉપયોગી એવા સેવાના કાર્યક્રમો યોજાશે, અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પ્રમુખ ડૉ. પ્રણવ પંડ્યાના માર્ગદર્શન હેઠળ સમગ્ર ભારતભરમાં યુવા જાગૃતિ અભિયાન અંતર્ગત અનેક રચનાત્મક સેવાના કાર્યક્રમોને ગતિ આપવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગાયત્રી પરિવાર દ્વારા આવનાર વસંતપંચમી પર્વની ઉજવણી ગુજરાતભરના ૩૩ જિલ્લાઓમાં ગાયત્રી પરિવારના સંસ્થાન, સંગઠ્ન તેમજ વિવિધ સામાજિક સંગઠ્નો દ્વારા માનવ યજ્ઞને નવજીવન બક્ષવામાં સહાયક બની શકાય એવા રક્તદાન મહાયજ્ઞ ઠેરઠેર કરવાનું આહવાન કરવામાં આવ્યુ છે. વસંત પર્વ તા. ૧૬ ફેબ્રુઆરીને મંગળવારે હોવાથી આ દિવસે અથવા તેની આગળ યા પાછળના રવિવારોમાં પણ રક્તદાન શિબિરો યોજાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના વડા ડૉ. પ્રણવ પંડ્યાએ કહ્યુ કે પિડિત માનવની સેવા જ સાચી માનવસેવા છે. ગાયત્રી પરિવાર વિશ્વ સ્તરે હંમેશા જનસેવાના કાર્યોમાં અડીખમ ઉભુ રહ્યુ છે. દેશમાં આવતી કોઈ પણ આપદાના સમયે ગાયત્રી પરિવારની આપદા પ્રબંધન વાહિની હંમેશા સર્વ પ્રથમ હોય છે. હાલમાં જ નેતાજી સુભાષચંદ્રની જન્મ જયંતિ નિમિત્તે ગાયત્રી પરિવાર ઉત્તરપ્રદેશ દ્વારા ૧૦૦૮ યુનિટ રક્તદાન કર્યુ હતુ. ગુજરાતના સંવાહક મનહરભાઈ પટેલના જણાવ્યા અનુસાર ગાયત્રી તીર્થ શાંતિકુંજની સુવર્ણ જયંતિના ઉપલક્ષમાં આ વિરાટ મહાયજ્ઞનું આયોજન થયુ છે જેમાં રાજ્યની જનતા તેમજ યુવા વર્ગને મોટી સંખ્યામાં રક્તદાન કરવા માટે આહવાન છે.

# હોસ્ટેલના છાત્રોને વતનમાંથી પરીક્ષા આપવા દેવા રજૂઆત

### ધો. ૧૨ સાયન્સમાં લેવામાં આવતી પ્રાયોગિક પરીક્ષા એક વર્ષ પૂરતી શાળા કક્ષાએ લેવામાં આવે તેવી રજૂઆત કરી

ગાંધીનગર,તા.૧૨

હોસ્ટેલમાં રહીને ધોરણ ૧૦ અને ૧૨નો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતું વતનમાં બોર્ડની પરીક્ષાનું કેંદ્ર ફાળવવામાં આવે તે માટે બોર્ડના પૂર્વ સભ્ય પ્રિયવદન કોરાટે બોર્ડ સમક્ષ રજૂઆત કરી છે. હોસ્ટેલો શરૂ થયા બાદ પણ ઘણા વિદ્યાર્થીઓ કોરોનાના ડરને લીધે હોસ્ટેલમાં રહેવા નથી આવ્યા. જેથી તેમને પોતાના રહેણાંક સ્થળની નજીક પરીક્ષા આપવા દેવાની મંજૂરી આપવામાં આવે તેવી માગ કરી છે. ઉપરાંત ધોરણ ૧૨ સાયન્સમાં લેવામાં આવતી પ્રાયોગિક પરીક્ષા એક વર્ષ પૂરતી શાળા કક્ષાએ જ લેવામાં આવે તેવી રજૂઆત કરી છે. આ મામલે બોર્ડના અધ્યક્ષને પત્ર પાઠવીને વહેલી તકે વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. મહત્વનું છે કે, રાજ્યમાં કોરોનાના પગલે માર્ચ ૨૦૨૦થી સ્કૂલો બંધ કરવામાં આવી હતી. શાળા સાથે હોસ્ટેલો પણ બંધ કરી દેવાતા ત્યાં રહેતા વિદ્યાર્થીઓ પોતાના વતન પરત ગયા હતા. ત્યારબાદ સરકાર દ્વારા તબક્કાવાર સ્કૂલો શરૂ કરવાની જાહેરાત થઈ હતી. સૌપ્રથમ ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો અને ત્યારબાદ ધોરણ ૯ અને ૧૧ના વર્ગો શરૂ કરાયા હતા. આ સાથે જ સરકારે ટ્યૂશન ક્લાસિસ અને હોસ્ટેલ પણ પુન: શરૂ કરવાની મંજૂરી આપી હતી. જો કે, હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતાં અનેક વિદ્યાર્થીઓના વાલીઓમાં હજી પણ કોવિડ-૧૯નો ડર છે અને તેઓ પોતાના સંતાનોને હોસ્ટેલમાં મોકલવા માગતા નથી. પરિણામે હજી ઘણા બાળકો હોસ્ટેલમાં આવવાને બદલે પોતાના વતનમાં જ છે. બોર્ડ દ્વારા મે મહિનામાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.